<u>ફોજદારી પરચુરણ નંબર 261/15</u>
<u>આંક:૧ લગત હુકમ.</u>

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. હાલની ફરીયાદ **૨૦૧૫** નાં વર્ષમાં દાખલ થયેલ છે. સદર કામ ફરીયાદી દ્રારા ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ અનુસાર ઢીલ માફ કરવા અંગેની અરજી રજુ કરેલી અને અદાલત દ્રારા ફોજદારી પરચુરણ અરજી તરીકે રજીસ્ટ્રર કરવાનો હુકમ કરવામાં આવેલ અને સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આજદિન સુધી ફરીયાદી દ્રારા સામાવાળાને ઢીલ માફ કરવા અંગેની નોટીસની બજવણી કરવા સબંધેની કાર્યવાહી માટે કોઈ જ આગળની કાર્યવાહી કરેલ નથી કે તેઓ અદાલત સમક્ષ હાજર રહેલા નથી.

સદર કામ અત્રેની અદાલતમાં નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબનાં હુકમ અનુસાર રીવોક થઈને આવેલ છે. ત્યારબાદ કામ ફરીથી ઢીલ માફ અંગેની નોટીસની બજવણી અર્થે રાખવામાં આવેલ પરંતુ ફરીયાદી કે તેમનાં વિ.વ.શ્રી હાજર રહેલા નથી કે પરચુરણ અરજી સબંધેની કોઈ જ આગળની કાર્યવાહી કરવા માટે દરકાર કરેલી નથી. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન એટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાનાં કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

આમ, સદર કામે **ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તારીખ ૧૮.૦૧.૨૦૧૦** ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયી નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. વધુમાં ફરીયાદી કે તેમનાં વ.શ્રીને સદર કામ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોઈ તેવું રેકર્ડ જોતાં ફલિત થાય છે. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

## <u>:: આ ખ રી હુ ક મ ::</u>

ફરીયાદીની ફોજદારી પરચુરણ અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ ૦૯.૦૩.૨૦૧૯ નાં રોજનાં ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, રાજકોટનાં પત્ર ક્રમાંક નંબર ૪૧/૨૦૧૯, તારીખ ૦૫.૦૨.૨૦૧૯ નાં હુકમ અનુસાર સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ: ૦૯.૦૩.૨૦૧૯.
સ્થળ : રાજકોટ

**(શ્રીમતી આર.એસ.રાજપુત)**
૦૩જા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, રાજકોટ.
**UIC NO. GJ00744**